અપીલ અરજી નં.૩૪૦ તા.૧૨–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રામશંકર મહેશ નાવીક
સામાવાળાઃ–કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામશંકર મહેશ નાવીકની તા.૨૧–૧૦–૦૯ ની અરજીથી બમરોલી વોર્ડ નં.૬૮બી, રે.સ.નં.૧૮૭ પૈકી નોંધ નં.૨૫૧ માં નોંધાયેલી મિલ્કતમાં ટેના.નં.૬૮બી–૦૧–૬૫૦૧–૦–૦૦૧ માં મારૂ નામ ચાલતુ હતું જે આકારણી દફતરેથી કમી કરી બીજાનું નામ શ્રી કમલનારાયણ નરેશ નું કયા પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૨–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૪૦/૨૦૦૯–૧૦

શ્રી રામશંકર મહેશ નાવીકની તા.૨૧–૧૦–૦૯ ની અરજીથી બમરોલી વોર્ડ નં.૬૮બી, રે.સ.નં.૧૮૭ પૈકી નોંધ નં.૨૫૧ માં નોંધાયેલી મિલ્કત માં ટેના.નં.૬૮બી–૦૧–૬૫૦૧–૦–૦૦૧ માં મારૂ નામ ચાલતુ હતું જે આકારણી દફતરેથી કમી કરી બીજાનું નામ શ્રી કમલનારાયણ નરેશ નું કયા પુરાવાના આધારે દાખલ કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૫૮૪ તા.૨૪–૧૨–૦૯ થી આપેલ માહિતી અધુરી અને ખામીવાળી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૮૬ તા.૨૦–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૮૪૦ તા.૨–૨–૧૦ થી અત્રેના વિભાગનુે પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની તા.૨૧–૧૦–૦૯ ની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત વ્યકિતને કલમ–૧૧ મુજબ આપેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૧૯૬ તા.૫–૧૧–૦૯ ના પત્રની નકલ તથા અરજદારને માહિતી અને દસ્તાવેજ નકલ અંગે નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૩૧૫ તા.૨૪–૧૧–૦૯ ના પત્રની નકલ, તેમજ અરજદારને આપેલ માહિતી નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૮૪ તા.૨૪–૧૨–૦૯ ના પત્રની નકલ, અરજદારે રસીદ નં.૧૭૫૭૧૭ તા.૨૨–૧૨–૦૯ થી ભરેલ રસીદની નકલ, ૧૫૧ ઈશ્વરનગર કમલનારાયણ ચિરાગ ગણેશના લાઈટબીલની નકલ, તથા સર્વે નં.૧૮૭ પ્લોટ નં.૧૫૧ કમલનારાયણ શ્રીરામ ગણેશના બાંધકામની રજાચિઠ્ઠીની નકલ, કમલનારાયણ શ્રીરામ ગણેશના કબ્જા રસીદની નકલ, કમલનારાયણનું રીકવીઝેશન ફોર્મની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૧–૧૦–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયો બાબતે માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત વ્યકિતને લગતી માહિતી બાબતે કલમ–૧૧ મુજબ ત્રાહિત વ્યકિતને નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૧૯૬ તા.૫–૧૧–૦૯ થી કબ્જેદાર તરીકે કમલનારાયણ શ્રી ગણેશ નાસીકને માહિતી આપવા બાબતે અભિપ્રાય મેળવવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે તા.૧૬–૧૧–૦૯ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ઉધનાઝોનમાં રૂબરૂ આવી અભિપ્રાય આપી જવા અથવા તો પત્ર ધ્વારા દિન–૪ માં મોકલી આપવા જણાવવામાં આવેલ. જે બાબતે ત્રાહિત પક્ષકાર તરફથી કોઈ અભિપ્રાય ન મળતાં નં.સા.ઝોન/અકણ/ આરટી આઈ/૧૩૧૫ તા.૨૪–૧૧–૦૯ થી અરજદારને પાના નંગ–૧૧ પાના દીઠ રૂા.૨ પ્રમાણે કુલે રૂા.૨૨/– ભરપાઈ કરી માહિતી અને દસ્તાવેજ મેળવી લેવા જણાવવામાં આવેલ. અરજદાર તરફથી રસીદ નં.૧૭૫૭૧૭ તા.૨૨–૧૨–૦૯ થી નાણા ભરપાઈ કરવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ નં.સા.ઝોન/અકણ/ આરટી આઈ/૧૫૮૪ તા.૨૪–૧૨–૦૯ થી ૧. રીકવીઝીશન ફોર્મની ઝેરોક્ષ નકલ પાના નંગ–૧ (૨) રીકવીઝીશન ફોર્મના કાઉન્ટરની ઝેરોક્ષ નકલના પાના નંગ–૧ (૩) દક્ષિણ ગુજરાત વીજ કું. લી. નું બીલ એપ્રિલ–૦૬ ની ઝેરોક્ષ નકલના પાના નંગ–૧ (૪) બમરોલી ગૃપ ગ્રામપંચાયતની રજાચિઠ્ઠી તા.૩૦–૧૨–૯૯ ની ઝેરોક્ષ નકલ પાના નંગ–૧ (૫) બમરોલી ગૃપ ગ્રામપંચાયતનો તા.૩૦–૧૦–૭૯ નો પત્રના ઝેરોક્ષ નકલના પાના નંગ–૧ (૬) શ્રી કમલનારાયણ શ્રી ગણેશ નાસિકે લખાવી લીધેલ કબ્જા રસીદના ઝેરોક્ષ નકલ પાના નંગ–૬ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે મેળવ્યા અંગે અરજદારે સદર પત્ર ઉપર સહી કરેલ નકલ અત્રે રજૂ કરેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૧૨–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી પત્ર નં.૧૫૮૪ તા.૨૪–૧૨–૦૯ થી તમામ મુદ્દાઓ જરૂરી લાગતા નથી અને માહિતી છુપાવવામાં આવી છે તેવું જણાવી મારું નામ આકારણી દફતરે ચાલુ કરવાની રજૂઆત કરેલ છે. જે કાર્યવાહીને લગતી બાબત છે. અરજદારે મુળ અરજીથી માંગેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દસ્તાવેજી પુરાવા સહિતની પૂરી પાડેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ફરીયાદને લગતી રજૂઆત સક્ષમ સત્તાને અલાયદી રીતે કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/ ડે.કમિશ્નર(જનરલ),
તારીખ : –૨ –૧૦ અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રામશંકર મહેશ નાવીક,